## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ તો, ગઈકાલે મારી ખાસ વુમનને વીશ કરવા ગયો હતો ત્યાં બીજી વુમન જે મને ખાસ માનતી હતી તે અચાનક આવી ગઈ...!!

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાર સ્વાઈન ફ્લુના કેસો મળ્યા

### જિલ્લામાં કુલ કેસ ૩૩ થયા; જિલ્લામાં નોંધાયેલા કેસોમાં મહિલા દર્દીઓ વધ્યા

ગાંધીનગર, તા. ૮

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં સ્વાઈન ફ્લુના ૪ કેસ પોઝીટીવ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ ૪ દર્દીઓમાં ૩ મહિલા છે અને આ દર્દીઓ ગાંધીનગર તાલુકાના છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૩૩ પર પહોંચી છે. જિલ્લામાં મહિલા દર્દીઓમાં સ્વાઈન ફ્લુના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો છુટા છવાયા નોંધાઈ રહ્યા છે પણ જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તે ચિંતાજનક છે.

તંત્ર દ્વારા મળી આવેલા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુથી એક પણ મોત નોંધાયુ ન હોવાનો દાવો તંત્રએ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જે ૪ કેસ નોંધાયા છે તે ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા, સરગાસણ, ચંદ્રાલા અને સરઢવ ગામમાંથી કેસ મળ્યા છે. આ ૪ કેસમાં ૩ કેસ મહિલા દર્દીના છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે નોંધાયેલા ૩૩ કેસમાંથી ૩૦ દર્દી રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ૩ દર્દીઓ સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે પણ જે ગતિએ તેઓ રોગમુક્ત થઈ રહ્યા છે અને હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે જઈ રહ્યા છે તે લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યા છે.

નોંધાયેલા ૪ કેસ ૫૦થી વધુની આયુ ધરાવે છે. સરઢવમાં ૫૮ વર્ષીય પુરૂષ દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પ્રાંતિયાની ૫૪ વર્ષીય મહિલા, ૫૫ વર્ષીય સરગાસણની મહિલા અને ૫૨ વર્ષીય ચંદ્રાલાની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.



પુસ્તક વિમોચન : ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા તૈયાર કરાયેલ ટુરીઝમ એન્ડ હોસ્પિટાલિટી ડીરેક્ટરીનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે વિમોચન કરાયું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના અગ્ર સચિવ એસ. જે. હૈદર અને ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં પાણી ગટર વેરા વસુલાત ઝૂંબેશ હાથ ધરાઈ

### વેરા વસુલાત માટે બે કાઉન્ટર સે-૩ ડ્રેનેજ ઇન્કવાયરી ખાતે પણ વેરો ભરપાઇ કરી શકાશે

ગાંધીનગર તા ૮

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા બિલ વિતરણ કરી દેવાયુ છે. જયારે આગામી તા ૩૧ માર્ચ સુધી વેરો ભરપાઈ કરનારા જોડાણકર્તાઓને યોગ્ય વળતર પણ આપવામાં આવશે. તંત્ર દ્વારા વેરા વસુલાત ઝુંબેશ અન્વયે અંદાજિત રૂ ૩.૨૫ કરોડનુ માંગણુ વસુલવા માટે બે કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. વેરા વસુલાત ઝુંબેશના અંતે બાકીદારોને નોટીસ આપવા સુધીના પગલા લેવાશે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત શરૂ કરવામાં આવી છે. પાણી ગટર વેરાના જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પ્રતિવર્ષ એડવાન્સ વેરા વસુલાત માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. શહેરમાં અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી અંદાજે રૂ ૩.૨૫ કરોડનો વેરો વસુલવા માટે બીલ વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ તંત્ર દ્વારા બીલ વિતરણ કરી દેવાયુ છે. જયારે સેકટરો સહીત ગ્રામ્ય વિસ્તારોમાં પણ બીલનુ વિતરણ કરવામાં આવે છે. શહેરના ઈન્દ્રોડા ,ધોળાકુવા , ગોકુલપુરા સહીતના ગામોમાં પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે આ મામલે બીલ વિતરણના અંતે હવે વેરો પણ વસુલવાનુ શરૂ કરી દેવાયુ છે. શહેરી વસ્તાર સહીત સેકટરોમાં જુના બાકી માંગણાનો આકડો પણ મોટો છે. તંત્રના ચોપડે પાણી ગટર વેરાના મામલે લાખોની ઉધારી છે. જો કે પાણી ગટર વેરાની ઝુંબેશના અંતે તંત્ર દ્વારા વળતર ચુકવી પુરતો વેરો વસુલવા માટે પણ પ્રયાસ કરવામાં આવે છે. શહેરમાં બંધ મકાનોની સંખ્યા પણ વિશેષ હોવાથી વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ આ મકાન માલિકો પાસેથી વસુલાત કરી શકાતી નથી. બીજીતરફ તંત્ર દ્વારા વેરા વસુલાત ઝુંબેશને અસરકારક બનાવવા માટે બે કાઉન્ટર પણ કાર્યરત કરાયા છે. જેમાં સે-૧૬ સ્થિત પાટનગર યોજના ભવનની કચેરી તેમજ સે-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી વેરાની વસુલાત કરવામાં આવે છે. આગામી તા ૩૧ માર્ચ સુધી વેરો ભરપાઈ કરનારા ગ્રાહકોને બીલમાં વળતરનો લાભ મળશે તેમ પણ જણાંવાયુ છે.

# સે-૨૯માં ગટરોનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકોને ગૂંગળામણ

### ગટરના દુષિત પાણીના ભરાવાથી સ્થાનિકોમાં રોગચાળાની દહેશત : મેઇનહોલની લાઇન તુટતા સમસ્યા જટીલ બની : ટુંકમાં કામગીરી હાથ ધરાશે : તંત્ર

ગાંધીનગર તા ૮

સે-૨૯ ના રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની ફરિયાદ ઉઠવા પામી છે. છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક સોસાયટીઓમાં ગટરનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે. જયારે દુષિત પાણીના ભરાવાના લીધે આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. જેના લીધે સ્થાનિકોમાં રોગચાળો ભરડો લે તેવો ભય પ્રવર્તાયો છે. તંત્ર દ્વારા ત્વરિત આ મામલે કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જો કે તંત્રના જણાંવ્યા મુજબ આ વિસ્તારમાં મેઈનહોલ તુટતા ગટર ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે જેના અંતે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં વારંવાર ગટરો ઉભરવાની સમસ્યા ઉદભવે છે. જયારે સેકટરોમાં પણ સોસાયટીઓમાં ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકોમાં શિરદર્દ ઉભો થાય છે. ગટરનુ દુષિત પાણી ફરી વળતા સેકટરવાસીઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે. હાલ સે-૫, સે-૧, ૨૨,અને સે-૨૪ સહીતના વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. જેના લીધે સ્થાનિકોમાં વારંવાર ફરિયાદો ઉઠવા પામે છે. સે-૨૯ માં પણ ૨૦૧ થી ૨૦૫ સુધીના મકાનો આસપાસ ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આ મામલે છેલ્લા ઘણાં સમયથી ગટરનુ દુષિત પાણી ઉભરાતા તંત્ર સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે. જયારે ત્વરિત અસરથી ગટરોની ફરિયાદોને ડામવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. જો કે તંત્રના જણાંવ્યા મુજબ સેકટરોમા ગટરના મેઈનહોલ તુટતા ગટર લાઈનની સમસ્યા ઉદભવી છે. મેઈન હોલ યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

# પલ્સ પોલિયો અભિયાન માટે શહેરમાં ૧૦૬ બુથ બનશે

ગાંધીનગર, તા. ૮

૧૦મી માર્ચના રોજ યોજાનાર પલ્સ પોલિયો અભિયાન માટે ગાંધીનગર શહેરમાં ૧૦૬ બુથ ઉભા કરવામાં આવશે. મનપાના આરોગ્ય અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયા મુજબ શહેરમાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા ૨૮,૧૬૭ બાળકોને આ અભિયાનમાં આવરી લેવાનું આયોજન કરાયું છે.

આ યાદીમાં જણાવાયા મુજબ ૫ મોબાઈલ ટીમ તેમજ ૭ ટ્રાન્ઝીટ પોઈંટ પર પલ્સ પોલિયાના બે બૂંદ બાળકને આપવામાં આવશે. આ અભિયાનમાં અંદાજે ૫૦૦થી વધુ વ્યક્તીઓ સ્વેચ્છાએ જોડાયા છે. જેમાં મુખ્યત્વે નર્સીંગ કોલેજની બહેનો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કાર્યકરોનો સમાવેશ થાય છે. રાજયમાં ૧૯૯૫થી આ અભિયાન અમલી બનાવવામાં આવ્યુ છે. પહેલા દિવસે બુથ પર અને બીજા તેમજ ત્રીજા દિવસે છુટી ગયેલા બાળકોના ઘરે જઈ આરોગ્ય કર્મીઓ રસીકરણ કરશે.



વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આજે ગાંધીનગર મનપા વિસ્તારમાં જન્મેલ દિકરીઓના જન્મને વધાવવા માટે કીટ અપાઈ હતી. જેમાં ભાજપના મહિલા કાઉન્લરો પ્રીતીબેન દવે, બરખાબેન જહા, નીલાબેન શુકલ, રીટાબેન પટેલ, હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના ઘ-૪ ગાર્ડન પાસેથી બુલેટ ચોરાયું

ગાંધીનગર, તા.૮

શહેરમાં વાહન ચોરીની ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. શહેરમાંથી વાહનચોરીની ઘટનાઓ અટકવાનુ નામ લેતી નથી. ત્યારે શહેરના સે-૧૩ માં રહેતા યુવકે પોતાનું બુલેટ બાઈક ગ-૪ થી ઘ-૪ ગાર્ડન પાસે પાર્ક કર્યું હતું અને મિત્ર સાથે ફરવા ગયો હતો. પરંતુ યુવક બુલેટમાંથી ચાવી નીકાળવાનું ભુલી ગયો હતો, જયારે પરત આવીને જોયું તો બુલેટ ગાયબ હતું. બુલેટ ચોરી થયાની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તરફથી માહિતી મુજબ શહેરના સેકટર-૧૩ પ્લોટ નં.૪૪૮-૨ ખાતે રહેતો રાજ શરદકુમાર કંસારા ૪ માર્ચના રોજ ગ-૪ થી ઘ-૪ વચ્ચે બગીચાની બાજુમાં બુલેટ પાર્ક કરીને મિત્ર સાથે ગયો હતો.યુવક પોતાનું બુલેટ નં. જીજે.૧૮,સીપી, ૫૧૫૨ ની ચાવી અંદર ભુલી ગયો હતો. અમદાવાદ પોતાના મિત્રની કારમાં ૬ વાગે અમદાવાદ ગયો હતો ત્યાંથી રાત્રીના ૯ કલાકે પરત ગાંધીનગર આવીને જોયું તો જે સ્થળ પર બુલેટ પાર્ક કર્યુ હતું તે જગ્યાને બુલેટ ના હોવાથી ચોરી થઈ હોવાનું માલુમ પડયું હતું. બુલેટ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

# કરારબદ્ધ કર્મચારી સંઘ દ્વારા સમોસા વેચી વિરોધ નોંધાવ્યો

ગુજરાત આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારી સંઘ દ્વારા આજે ગાંધીનગર જુના સચિવાલય બ્લોક નં.૫ ખાતે સવારના ૧૦ કલાકે સમોસા વેચીને તંત્ર સામે વિરોધ પ્રદર્શન કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારીઓના પડતર પ્રશ્નનો આજદીન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે આ વિરોધ પ્રદર્શનમાં ૨૦૦ થી વધુ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સંઘ પ્રમુખ હેમાંશુ પંડ્યાએ જણાવ્યું હતું કે અમારા આ વિશિષ્ટ પ્રકારના આંદોલનથી જાહેર જનતા સહિત સમગ્ર તંત્રને કોઈપણ પ્રકારની અડચણ નહી ઉભી થાય. પરંતુ એક સંવેદના પ્રગટશે, અંને સંવેદનશિલ સરકારના દાવની કસોટી થશે. જયારે ગુરુવારના રોજ ઘ-૪ સર્કલ ખાતે કેન્ડલ માર્ચ યોજીને કરારબધ્ધ કર્મચારીઓએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. જયારે બીજા દિવસે બ્લોક નં.૫ ની સામે વિશિષ્ટ સંવેદના સભર બેનર સાથે નાસ્તા સ્ટોલ ઉભો કરીને વેચાણ કરીને વિરોધ દર્શાવાશે. જો સરકાર દ્વારા કરારબધ્ધ કર્મચારીઓની પડતર માંગણીઓનો સ્વીકાર નહીં કરે તો અગામી દિવસમાં આંદોલનને વધુ ઉગ્ર સ્વરુપ આપવામાં આવશે તેવી ચિમકી સંસ્થાના પ્રમુખે ઉચ્ચારી છે.




# સે-૧૫ ફતેપુરાના બુટલેગરને પાસા હેઠળ ધકેલાયો

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા ગામમા રહેતો બુટલેગરને પાસા હેઠળ જેલમાં ધકેલવામાં આવ્યો છે. ગાંધીનગર એલસીબી પોલીસે ફતેપુરા ખાતે રહેતો મહેશજી રમેશજી વાઘેલા વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી હતી અને મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. જેને પગલે જિલ્લા મેજીસ્ટ્રેટ શુક્રવારના રોજ તેના વિરુધ્ધ પાસા હેઠળ અટકાયતનો હુકમ ઈશ્યુ કર્યો હતો. જેને પગલે ક્રાઈમ બાંચની ટીમ આરોપીને ઝડપી પાડી લેવા સક્રિય થઈ ગઈ હતી. ત્યારે હે.કો. રણજીતસિંહને બાતમી મળી હતી જેના આધારે પકડી પાડવામાં આવ્યો હતો. એલસીબી એ મહેશ વાઘેલાની પાસા હેઠળ અટકાયત કરીને તેને પોલીસ જાપ્તા હેઠળ સુરત લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો.



ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગ્રેસ કોર્પોરેટર હિરલ ઉર્પલ જોષી તથા ઉર્મિલા વર્મા દ્વારા વિશ્વ મહિલા દિવસ પર વોર્ડ નં ૭ સેકર્ટ-૬મા મહિલાઓ સાથે મળીને કેક કાપી વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# ફતેપુરામાંથી મહિલા દિને મહિલા સહિત ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૮

સમગ્ર ભારતમાં મહિલા દિનની ઉજવણી ધામધુમથી કરવામાં આવી રહી છે. મહિલાઓને અનુલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તે સમય દરમિયાન રાજયના પાટનગરના ફતેપુરામાંથી જુગાર રમતી બે મહિલાઓ ઝડપાઈ હોવાની વાત પ્રકાશમાં આવતા હોહા મચી જવા પામી હતી. મહિલા દિન મહિલા શકુની ઝડપાતા પોલીસ પણ એક સમય માટે અચંબામાં મુકાઈ ગઈ હતી. રાજયના પાટનગર માટે આ એક શરમજનક ઘટના કહી શકાય.ગાંધીનગર શહેરમાં સમાવેશ સેકટર-૧૫ ફતેપુરા દારુ અને જુગાર માટે પ્રખ્યાત છે. ત્યારે શહેરની વચ્ચે આવેલા ફતેપુરાના છાપરામાંથી જુગાર રમતી બે મહિલા સહિત સાત જુગારી એલસીબીએ ઝડપી પાડ્યા છે. એલસીબી પોલીસે બાતમીને આધારે રેઈડ કરી રૂ. ૨૨,૯૭૦ ના મુદ્દામાલ સાથે જુગારીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તરફથી મળતી વિગત મુજબ ગાંધીનગર લોકલ ક્રાંઈમ બ્રાન્ચના જવાનો શહેરી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમિયાન એલસીબી ટીમને બાતમી મળી હતી કે સે-૧૫ ફતેપુરા ખાતે છાપરામાં કેટલાક નાગરીકો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યા પર દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે જુગાર રમતા લક્ષ્મણ સોંધાભાઈ વાઘેલા રહે.સેકટર-૧૭, બ્લોક નં.૧૧૭-૯ જ ટાઈપ, અજીત ધરમસિંહ પરમાર રહે. મકાન નં-૬૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ સેકટર-૨૪, શૈલેષ નાનુભાઈ પુરલીય રહે. બ્લોક નં.૧૫૪-૧૦ સે-૭ જ ટાઈપ, પ્રવિણ કરશન ઠાકોર રહે. ફતેપુરા, રાકેશ રમેશજી ઠાકોર, રહે. ફતેપુરા, રેખાબેન વિષ્ણુજી ઠાકોર રહે. ફતેપુરા, લલીબેન બચુજી ઠાકોર રહે. ફતેપુરા છાપરા ને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૭,૪૭૦ રોકડ, રૂ.૧૫,૫૦૦ ની કિંમતના ચાર મોબાઈલ મળી કુલ રૂ. ૨૨,૯૭૦ ના મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ તમામ સામે સેકટર-૭ પોલીસે જુગાર ધારા હેઠળ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા મહિલા દિન ઉજવાયો

૮મી માર્ચ એટલે "આંતરરાષ્ટ્રીય મહિલા" દિન જેના ભાગરૂપે આજ રોજ તારીખ:૮મી માર્ચ ૨૦૧૯ના રોજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ના સંયુક્ત ઉપક્રમે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭, ગાંધીનગર ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ અને મહિલા અગ્રણી શ્રીમતી માયાબેન દવે ના અધ્યક્ષસ્થાને તેમજ એ.આઈ.સી.સી.ના સચીવ અને ગુજરાતના સહપ્રભારીશ્રી જીતેન્દ્ર બઘેલજીની વિશેષ ઉપસ્થિતિમાં મહિલાઓના સન્માન માટે "મહિલા સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું નારી તું નારાયણી તેમજ દુર્ગાના અવતાર રૂપે નારીશક્તિને સન્માનવા માટે જિલ્લામા પ્રથમ વાર પ્રદેશના તેમજ જિલ્લાના અગ્રણીઓએ હોલમા પાછળની બેઠકો ઉપર સ્થાન લઈ મહીલાઓને અગ્રિમ હરોળમા સ્થાન આપી એક નવી રાહ ચીંધી હતી. જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી તેમજ ધારાસભ્ય ડૉ.સી.જે.ચાવડાએ કાર્યક્રમને અનુરૂપ મહીલાઓને ઉદબોધન કર્યુ હતુ.

સદર કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન ચૌધરી, પુર્વધારાસભ્ય કામિનીબા રાઠોડ, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબા ચાવડા, મંદાકિનીબેન પટેલ, વંદનાબેન પટેલ, શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ લલિબેન ઠાકોર, કોર્પોરેટરો સર્વશ્રી પિંકીબેન પટેલ, હિરલબેન જોષી, રમીલાબા વાઘેલા, ઉર્મિલાબેન વર્મા, પાયલબેન મેણાત,તથા એન જી ઓ સંચાલક અલ્પાબા પરમાર, પ્રેમબા હાડા સંગીતાબા રાઠોડ, રોશનબેન પરમાર સહિત સમગ્ર જિલ્લા માંથી મોટી સંખ્યામાં મહિલાઓ તથા મહિલા કાર્યકરો ઉપસ્થિત રહી હતી. તેમ જિલ્લા મહિલા કોંગ્રેસની અખબારી યાદીમાં પ્રમુખ શ્રીમતિ સોનલબા ચાવડા એ જણાવ્યુ છે.




## મહિલા દિવસની ઉજવણી કરાઈ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત અખિલ ભારતીય સામાજીક સ્વસ્થ્ય સંઘ સંચાલિત સ્વધાર ગૃહ 'માતૃછાયા' નારી સંરક્ષણ બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા 'ઈકે ફ્રેન્ડલી બેગ મેકિંગ'ની તાલીમ પુરી થતા પ્રમાણપત્ર અને સ્ટાઈપેન્ડ પેટે ચેક આપવામાં આવ્યો હતો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા પલિયડ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી

રાંધેજા, તા. ૮

વિશ્વ મહિલા દિવસ નિમિતે જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા પલિયડ ગામ ખાતે ઉજવણી કરવામાં આવેલ. કૃષિ ક્ષેત્રે રહેલી મહિલાઓની અમૂલ્ય ભૂમિકાને જાગૃત કરવા તેમજ સ્વાવલંબી અને સશકત બનાવવા ગામની કૃષિ અને પશુપાલક મહિલાઓ સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઈલાબેન ભટ્ટ દ્વારા સ્થાપિત સેવા સંસ્થાના જીલ્લા પ્રતિનિધિ તારાબેન નાયક ઉપસ્થિત રહી મહિલાઓને સંગઠિત થઈ સ્વનિર્ભર બની સમાજમાં અને પરિવારમાં પોતાનું સ્થાન બનાવે તેમજ નાની નાની બચત કરી પોતાનું અને પરિવારનું ભવિષ્ય સુરક્ષિત કરવા માટે આયોજન કરે તેમ જણાવવામાં આવેલ. વિષય નિષ્ણાંત ભરતભાઈ હડિયા દ્વારા મહિલાઓ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી તાલીમ કાર્યક્રમો વિશે માહિતી




પ્રવૃતિઓ અને રોજગારલક્ષી આપવામાં આવી હતી.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૦૫ (સુધારો) સને ૨૦૧૮-૧૯**
(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વિજળીકરણને લગતા ૪ (ચાર) કામ માટેની અગાઉ પ્રસિદ્ધ થયેલ ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૦૫ અન્વયેના કામન નં. ૧ અંગેના ભાવો ભરવાની આખરી તારીખ ૧૫/૩/૨૦૧૯ કરેલ છે તેમજ કામની અંદાજીત કિંમત રૂ. ૧,૩૪,૦૯૧-૭૫ કરેલ છે, જેની લાગતા વળગતાઓએ જાણ લેવી. નિવિદાની અન્ય વિગતો / શરતો યથાવત રહેશે.

માહિતી/૩૨૯૨/૧૮-૧૯